
# પ્રભુ ઈસુએ પાઉલની આંખો ઉઘાડી

મિશનેરી કાર્ય માટે પાઉલના દર્શન વિષે બાળકોને શિખવો.



**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, તમે દેરક જાતિના લોકો પાસે ખ્રિસ્તની સુવાર્તા લઈ જવા માટે પાઉલને દર્શન આપ્યું. કૃપા કરીને અમને પણ એવું જ દર્શન આપો. અમે પણ બધાને પ્રભુ ઈસુ વિષે કહેવા માંગીએ છીએ.

આમાંની કોઈ પણ બાળ-પ્રવૃતિઓ પસંદ કરો.

**પ્રે.૨૨:૧-૨૨** પ્રમાણે કોઈ **મોટો બાળક કે શિક્ષક** પાઉલના દર્શનની વાર્તા **વાંચે** અથવા મોઢે કહે. દેવે પાઉલને બીજા દેશોમાં ઈસુ વિષે કહેવા મોકલ્યો તે વિગત તેમાં છે.

**વાર્તા કહી રહ્યા પછી** આ પ્રશ્નો પૂછો. વિશ્વાસીઓને જવાબો આપવા દો. (જવાબો સાથે આપેલા છે.)

૧. પાઉલને બોલતો સાંભળ્યો ત્યારે લોકો શાંત કેમ થઈ ગયા ? (શાઉલના બદલાણ પછી તેનું નામ પાઉલ થયું હતું.)(જૂઓ ક.૨ તે તેઓની જ ભાષામાં બોલતો હતો)

૨. ઈસુની ઓળખ પામ્યા પહેલા શાઉલ ખ્રિસ્તના અનુયાયીઓને શું કરતો હતો? (૫)

૩. શાઉલ કઈ રીતે આંધળો બન્યો ? (૧૧)

૪. અનાન્યા મારફતે દેવે શાઉલને કઈ બાબતો જણાવી ? (૧૫,૧૬)

૫. દેવને શાઉલને ક્યાં મોકલ્યો ? (૨૧)

૬. શાઉલ (પાઉલ) ના મુખ્ય કાર્ય માટે યહુદીઓ શું ધારતા હતા ? (૨૨)

વાર્તાનું **નાટક ભજવો.**

- ભજનસેવાના આગેવાન પાસે બાળકો આ નાટક રજુ કરે તેની મંજુરી લો.
- બાળકો સાથે નાટકની તૈયારીમાં સમય ગાળો.
- તમારે બધા ભાગો ભજવવા જરૂરી નથી.
- મોટા બાળકો નાનાઓની મદદ કરે.
- મોટા બાળકો કે સભાજનો આ પાત્રો ભજવે.

  **વર્ણન કરનાર** કે જે વાર્તાનું સંક્ષેપીકરણ કરે અને બાળકોને સંવાદો શિખવે.

  **શાઉલ** (પાછળથી પાઉલ)

  **ઈસુનો અવાજ**

  **અનાન્યા.**

- **નાના બાળકો.**

  **શાઉલના સાથીદારો.**

  **યહુદી યાજકો**

  **યરૂશાલેમના યહુદી ટોળા**ના પાત્રો ભજવે.

**શાઉલના બદલાણનું નાટક, ભાગ-૧ (પ્રે.૯:૧-૧૧)**

**વર્ણન કરનાર** : વાર્તાનો પ્રથમ ભાગ ક ૧-૧૧ મુજબ કહે. પછી બોલે, સાંભળો, શાઉલ શું કહે છે.

**શાઉલ** : યાજકોને કહે, 'તમે સત્તા ધરાવો છો. દમસ્કમાંના ઈસુના અનુયાયીઓને પકડવા ાટે મને અધિકારપત્રો આપો. એવું દેવ ઈચ્છે છે' શાઉલ અને તેના સાથીદારો આગળ ચાલે. એકાએક શાઉલ આંખો પર હાથ મૂકીને બૂમ પાડે અને પડી જાય.

**ઈસુનો અવાજ** : (જોરથી)'શાઉલ, શાઉલ હું ઈસુ છું. જેને તું સતાવે છે તે.'

**સાથીદારો** : શાઉલનો હાથ પકડીને તેને બાજુ પર લઈ જાય અને બોલે, 'ભારે પ્રકાશે તેને આંધળો બનાવી દીધો છે.'

## ભાગ-૨ (૯:૧૨-૨૧)

**વર્ણન કરનાર** : વાર્તાનો બીજો ભાગ ક.૧૨-૨૧ મુજબ કહે, પછી બોલે, અનાન્યા શું કહે છે તે સાંભળો.

**અનાન્યા** : શાઉલ, દેવે મને તારે માટે પ્રાર્થના કરવા મોકલ્યો છે. તું દેખતો થા. બિનયહુદી લોકો માટે તું સાક્ષી બનીશ ઉઠ, અને બાપ્તિસ્મા લે.

**શાઉલ** : હવે હું જોઈ શકું છું. મારી શારીરિક અને આત્મિક આંખો હવે ખુલી ગઈ છે. હવે હું જાણું છું કે દેવ તેની સુવાર્તા મારી મારફતે સર્વ લોકો આગળ લઈ જવા માંગે છે.

**યહુદી ટોળા** : (ગુસ્સાથી બૂમો પાડે) 'આ ગદ્દારને પૂરો કરો !' 'તે આપણાં વિદેશી દુશ્મનોના પક્ષમાં જતો રહ્યો છે !'

**વર્ણન કરનાર અથવા મોટો બાળક** : ભાગ લેનાર સર્વનો આભાર માને. જો બાળકોએ આ નાટક મોટાઓ માટે કર્યું હોય તો ઉપર શરૂઆતમાં આપેલા પ્રશ્નો પણ તેઓને પૂછવા દો.

પાઉલ બીજાઓ સમક્ષ સુવાર્તા લઈ જવાના દર્શનને તાબે થયો તેની **ચર્ચા કરો.** જો કે લોકો એ તેનો નકાર કર્યો હતો. બાળકોને પૂછો, કે લોકો કઈ કઈ રીતે આપણને દેવને આધિન થતા અટકાવે છે ? બાળકો ઉદાહરણો આપે.

એક ગોળાનું **ચિત્ર દોરો**. બાળકો તેની કોપી કરે. ભજનસેવા વખતે આ ચિત્રો બાળકો રજુ કરે અને સમજાવે કે દેવ આખા જગતના સર્વ લોકો ઉપર પ્રેમ કરે છે, તે આ ચિત્રો દર્શાવે છે.



**સમજાવો કે** જેમ દેવે અન્ય લોકો પાસે પાઉલને સુવાર્તા લઈને મોકલ્યો હતો તેમ દેવ આપણને હજુ જેઓ સુવાર્તા વિષે જાણતા નથી તેવા લોકો પાસે મોકલવા માંગે છે.

- પવિત્ર આત્માએ જેમ શાઉલની આંખો ઉઘાડી તેમ તે આપણી આંખો ઉઘાડીને લોકોની જરૂરિયાતો સમજાવવા માંગે છે.
- ઈસુ જેમ શાઉલનો દર્શન આપ્યું તેમ આપણને અન્ય લોકો પાસે જવાનું દર્શન આપવામાંગે છે.

પ્રે. ૧:૮ **મુખપાઠ કરો.**

**સમજાવો** કે આપણે પ્રે ૧:૮ આપણા માટે લાગુ કરી શકીએ અને પ્રભુ આપણને તે સ્થળોએ લઈ જવા માંગે છે તે ધ્યાનમાં લઈએ. આ ચાર જગ્યાઓના બાળકોને ઉદાહરણો આપવા દો.

૧. યરૂશાલેમ એટલે જ સમાજમાં આપણે રહીએ છીએ તે.
૨. યહુદાહ એટલે નજીકની બીજી જાતિઓ.
૩. સમરૂન એટલે નજકના વિસ્તારોની અન્ય સંસ્કૃતિઓના લોકો.
૪. પૃથ્વીના છેડા સુધી એટલે દૂરના ટાપુઓના અને અન્ય લોકો,

ત્રણ બાળકો નીતિ ૩:૧૩-૧૫ એક એક એક બોલી જાય.

મોટા બાળકો અઠવાડીયાના વિષય ઉપર ગીત કે નાટક લખે.

Copyright © 2004 by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.